# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-04-2024 Evening : 7.50 to 8.00
Day : Saturday National News

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

***************************************************

- લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર વેગવાન થયો છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'સબકા સાથ, સબકા વિકાસ' સાથે છેલ્લા દાયકામાં સર્વસમાવેશક વૃદ્ધિ માટે એનડીએ સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો,
- કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે મહાગઠબંધનના ઉમેદવાર કુંવર દાનિશ અલીની તરફેણમાં રેલીને સંબોધી હતી.
- કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એડ ઇન્ડસ્ટ્રીઝના ઉપક્રમે યોજાયેલા સંવાદમાં 2047 સુધીમાં "વિકસીત ભારત"ને સાકાર કરવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી
- દેશના મુખ્ય ન્યાયમુર્તિ ડૉ.ડી.વાય.ચંદ્રચુડે કહ્યું છે કે નવા ફોજદારી કાયદાનો અમલ સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશ બદલાઈ રહ્યો છે અને આગળ વધી રહ્યો છે..
- કુસ્તીબાજ, વિનેશ ફોગાટ અને અંશુ મલિકે આજે કઝાકિસ્તાનના ટાસ્કેન્ટમાં એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયરમાં પેરિસ ઓલિમ્પિક 2024 ક્વોટા મેળવ્યો

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SECOND PHASE ELECTION-1

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર વેગવાન થયો છે. બીજા તબક્કામાં, આ મહિનાની 26મી તારીખે 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો અને મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીની બેઠકો પર મતદાન યોજાશે. મતદારોને આકર્ષવા માટે વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ દેશભરમાં રેલીઓને સંબોધિત કરી રહ્યા છે..

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નાંદેડ બાદ પરભણીમાં રેલીને સંબોધી હતી. તેમણે 'સબકા સાથ, સબકા વિકાસ' સાથે છેલ્લા દાયકામાં સર્વસમાવેશક વૃદ્ધિ માટે એનડીએ સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો, જેમાં સરહદ પારના આતંકવાદને સમાપ્ત કરવા સહિત ભવિષ્યની પ્રગતિનું વચન આપ્યું હતું.

શ્રી મોદીએ ટીકા કરી હતી કે મરાઠવાડાની કૃષિ આધારિત અર્થવ્યવસ્થા, જે સોયાબીન, બાજરી અને જુવાર જેવા પાકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેની અગાઉની કોંગ્રેસ સરકારોએ અવગણના કરી હતી.

(બાઇટ પી.એમ. નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રીએ મતદારોને સતત વિકાસ માટે NDA ગઠબંધનને સમર્થન આપવા વિનંતી કરી. પરભણી લોકસભા સીટના બીજા તબક્કામાં 26 એપ્રિલે મતદાન થવાનું છે.

પરભણી સંસદીય મતવિસ્તારમાં મહાદેવ જાનકર એનડીએ ગઠબંધન તરફથી અને સંજય ઉર્ફે બંધુ જાધવ મહાવિકાસ આઘાડી તરફથી ચૂંટણી લડી રહ્યા છે.

ત્યાર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં રેલીને સંબોધી હતી. તેમણે ફરી એકવાર 2047 Viksit Bharat માટે નિરંતર કામ કરવાની તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે મથુરામાં ભાજપના ઉમેદવાર હેમા માલિનીના સમર્થનમાં જનસભાને સંબોધી હતી. શાહે કહ્યું કે આ વખતે ઉત્તર પ્રદેશની જનતા તમામ 80 બેઠકો પર ભાજપને વિજયી બનાવશે.

બીજી તરફ અમરોહામાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે મહાગઠબંધનના ઉમેદવાર કુંવર દાનિશ અલીની તરફેણમાં રેલીને સંબોધી હતી.

રાહુલ ગાંધી આજે કેરળના પ્રવાસે છે.. જ્યાં તેમણે કેરળના કન્નૂરમાં જનસભામાં સંબોધન કરતાં આ પ્રમાણે જણાવ્યું

(બાઇટ રાહુલ ગાંધી)

# KERALA-PRIYANKA CAMPAIGN

કૉંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ આજે કેરળની ચાલાકુડ્ડી બેઠક માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો. અહીં જાહેર સભાને સંબોધતા તેમણે આરોપ મૂક્યો કે, આજે દેશમાં રાજકીય લાભ માટે સંસ્કૃતિ, ધર્મ અને ભાષાની એકરૂપતા થોપવામાં આવી રહી છે. પ્રિયંકા ગાંધીએ સાંજે તિરુવનંતપુરમમાં ચૂંટણી સભા સંબોધી હતી.

# PREZ-VP- BOAT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં મહાનદી નદીમાં હોડી પલટી જવાની ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે તે આ દુર્ઘટનામાં લોકોના મૃત્યુ થવાથી દુઃખ વ્યક્ત કર્યું છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને દુર્ઘટનાથી અસરગ્રસ્ત તમામ લોકો ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ આ દુ:ખદ ઘટનાથી ખૂબ જ દુઃખી છે. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઇજાગ્રસ્તોને ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી.

# GCCI – NIRMALA SITARAMAN

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એડ ઇન્ડસ્ટ્રીઝના ઉપક્રમે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામને ICAI અમદાવાદ ચેપ્ટર સાથે વિકસિત ભારત @ 2047” વિષય પર સંવાદ સાધ્યો હતો..

કેન્દ્રીય મંત્રીએ 2047 સુધીમાં "વિકસીત ભારત"ને સાકાર કરવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે પોતાના વકતવ્યમાં ગુજરાતની સિધ્ધિઓ વર્ણવતા કહ્યું હતું કે વિદેશી રોકાણ, PLI જેવી પ્રગતિશીલ નીતિઓને આગળ વધારવામાં ગુજરાતની મહત્ત્વની ભૂમિકા છે અને કાપડ, સેમિકન્ડક્ટર્સ, કેમિકલ્સ  અને એરોસ્પેસમાં ગુજરાતની  સફળતાનો ઉલ્લેખ કર્યો હતો.

ગુજરાત રાજ્ય  પાંચ ટકાની  વસ્તી ધરાવતું રાજ્ય છે પરંતુ નેશનલ જીડીપીમાં ૪.3% થી વધુ યોગદાન આપે છે તેવો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો...

# BJP..NIRMALA

કેન્દ્રિય મંત્રી નિર્મલા સિતારમણે અમદાવાદમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે  છેલ્લા 10 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રજાલક્ષી કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે, ગરીબ તેમજ વંચિતો માટે સરકાર કાર્ય કરી રહી છે.

દેશના નાગરિકોને સશક્ત અને સક્ષમ  કરવા સરકારની કટિબધ્ધતાને તેમણે દોહરાવી હતી. મફત ગેસ કનેક્શન, અનાજની સુવિધા, હર ઘર જળની સરકારની પ્રજાલક્ષી યોજનાઓને તેમણે સરકારની ઉપલબ્ધિ તરીકે વર્ણવી હતી..

# SC _CJI

દેશના મુખ્ય ન્યાયમુર્તિ ડૉ.ડી.વાય.ચંદ્રચુડે કહ્યું છે કે નવા ફોજદારી કાયદાનો અમલ સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશ બદલાઈ રહ્યો છે અને આગળ વધી રહ્યો છે.

આજે નવી દિલ્હીમાં એક સંમેલનને સંબોધતા ડૉ. ચંદ્રચુડે જણાવ્યું હતું કે ભારતીય ન્યાયિક સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમનું અમલીકરણ દર્શાવે છે કે દેશ તેના ફોજદારી ન્યાયમાં નોંધપાત્ર ફેરફારો કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે આ કાયદાઓએ ભારતના કાયદાકીય માળખાને ફોજદારી ન્યાય તરફના નવા યુગમાં પરિવર્તિત કર્યા છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AIનો ઉપયોગ કરવા પર ભાર મૂકતા ડૉ.ચંદ્રચુડે કહ્યું કે ગુનાહિત તપાસના કેસોમાં એઆઈની મદદથી ન્યાયતંત્રને તપાસની પ્રગતિમાં મદદ કરવામાં આવશે.. તેમણે એમ પણ કહ્યું કે આ તમામ નવા કાયદા ત્યારે જ સફળ થશે જ્યારે દેશનો દરેક નાગરિક તેને અપનાવશે.

કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું કે 21મી સદીમાં નવા ફોજદારી કાયદાનો અમલ એ ઐતિહાસિક પગલું છે. તેમણે એમ પણ કહ્યું કે આ કાયદાઓમાં ઓનલાઈન તપાસ અને ઈ-ફાઈલિંગ જેવી વિશેષ જોગવાઈઓ પણ સામેલ છે..

# WOMEN WRESTLER

ભારતની સ્ટાર મહિલા કુસ્તીબાજ, વિનેશ ફોગાટ અને અંશુ મલિકે આજે કઝાકિસ્તાનના ટાસ્કેન્ટમાં એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયરમાં પેરિસ ઓલિમ્પિક 2024 ક્વોટા મેળવ્યો છે. ફોગાટે 50 કિગ્રા વર્ગમાં યજમાન દેશની લૌરા ગાનિકિઝીને 10- શૂન્યથી હરાવ્યું, જ્યારે અંશુએ 57 કિગ્રા વર્ગમાં ઉઝબેકિસ્તાનની લૈલોખોન સોબિરોવાને 11- શૂન્યથી હરાવ્યું.

કોમનવેલ્થ અને એશિયન ગેમ્સના વિજેતા ફોગાટે કઝાક કુસ્તીબાજ સામે ટેકનિકલ શ્રેષ્ઠતા દ્વારા મુકાબલો જીત્યો હતો. ફોગાટ હવે ઉઝબેકિસ્તાનના એકટેંગે કેયુનિમજાએવા સામે ટકરાશે, જ્યારે 2021 વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ વિજેતા અંશુ ચીનના કેક્સિન હોંગ સામે ટકરાશે. અન્ય એક ભારતીય, માનસી અહલાવતને ઉત્તર કોરિયાના હ્યોન જી મુન સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

# ELON INDIA VISIT

અમેરિકન ઈલેક્ટ્રિક વાહન કંપની ટેસ્લાના CEO એલન મસ્કે, તેમની ભારતની મુલાકાત થોડા સમય માટે મુલતવી રાખી છે. મસ્ક, 22 એપ્રિલે ભારત આવવાના હતા અને પ્રધાનમંત્રી મોદીને મળવાના હતા.

ગત સપ્તાહે મસ્કે સોશ્યલ મીડિયા પોસ્ટ પર ભારતની મુલાકાતનીપુષ્ટિ કરી હતી. જોકે તેમણે ભારત મુલાકાત કયા કારણોસર મુલતવી રાખી છે, એ બાબતની કોઈ જ સ્પષ્ટતા કરાઈ નથી.

# WEATHER

હવામાન વિભાગ અનુસાર આગામી સપ્તાહે કેટલાક રાજ્યોમાં ગરમીનો પ્રકોપ વધશે. જેથી લોકોને બપોરના સમયે ઘરની બહાર જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે.

હવામાન વિભાગ અનુસાર ઓડિશા, પશ્ચિમ બગાંળમાં સોમવાર સુધીમાં છૂટાછવાયા વિસ્તારોમાં ગરમ લૂ વર્તાશે. આગામી બેથી ત્રણ દિવસ સુધી ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના અંતરિયાળ ભાગોમાં પણ ભીષણ તાપ અને ગરમી અનુભવાશે. આ તરફ ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, તટીય આંધ્ર પ્રદેશ, યાનમ, રાયલસીમા, કેરળ, માહે તેમજ બંગાળના પર્વતીય ભાગોમાં હવામાન સૂકું અને લૂની સ્થિતિ રહેશે. જોકે હવામાન વિભાગે જમ્મૂ -કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ- બાલ્ટિસ્તાન- મુઝફ્ફરાબાદ હિમાલયપ્રદેશમાં આગામી સપ્તાહે કરાં સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

# EPFO

આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનમાં 15 લાખ 48 હજાર નવા સભ્યો જોડાયા હતા. સૌથી નોંધપાત્ર  બાબત એ છે કે મોટાભાગના નવા સભ્યો 18 થી 25 વર્ષની વય જૂથમાં છે. આ કુલ નવા સભ્યોના 56.3 ટકા છે. જે દર્શાવે છે કે સંગઠિત કાર્યબળમાં જોડાતા મોટાભાગના લોકો યુવાનો છે.

# KERALA _TRISSUR

કેરળના પ્રસિદ્ધ કુદામટ્ટમમાં ઉજવાયેલા હાથી ઉત્સવમાં હાજારોની સંખ્યામાં લોકો એકઠા થયા હતા. પ્રતિ વર્ષ અહીં શણગારેલા હાથીઓના મસ્તિષ્ક પર રંગીન છત્રીઓનું પ્રદર્શન યોજાય છે.

આ પ્રસંગે 15 જેટલા હાથી બે લાઇનમાં સામ-સામે ઉભા રહીને જુદા જુદા રંગની છત્રીઓનું પ્રદર્શન કરે છે. બંને પંક્તિઓ તિરુવેમ્બાડી અને પરમેક્કાવું મંદિરની વચ્ચે મૈત્રીપૂર્ણ પ્રતિક સ્વરૂપે આ ઉત્સવનું આયોજન થાય છે. કુદામટ્ટમ બાદ સાજના સમયે રંગ-બેરંગી આતશબાજી પણ કરાઈ હતી.